**<u>ભાવનગરના મહેરબાન એડીશનલ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ</u>**
**<u>દિપિકા મઘનાની સાહેબશ્રીની કોર્ટ સમક્ષ, મુ.ભાવનગર.</u>**

**ક્રિમીનલ કેસ નં. : ૭૨૦૪/૨૦૨૫**
**આંક : ૫**

**ફરીયાદી** **:** સરકારશ્રી

**વિરુધ્ધ**

**આરોપી** **:** હિતેશભાઈ ભરતભાઈ ગોહેલ

**<u>-:ઠરાવ:-</u>**

**(૧)** આજરોજ નામદાર નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટીના ઉપક્રમે નેશનલ લોકઅદાલત યોજવામાં આવેલ છે. નામદાર ગુજરાત રાજ્ય કાનુની સેવા સત્તા મંડળ ધ્વારા સ્પેશ્યલ સીટીંગની મેજીસ્ટ્રેટને સત્તા આપવામાં આવેલ છે, તે મુજબ સદર કેસ આજરોજ રાખવામાં આવેલ છે.

**(૨)** આ કામે ફરીયાદપક્ષ ધ્વારા આરોપી વિરૂધ્ધ એમ.વી.એકટની કલમ-૧૮૫ તથા પ્રોહીબીશન એકટની કલમ-૬૬(૧)(બી) મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ થયેલ છે. સબબ ગુના અન્વયે આરોપીને પ્રોસેસ ઈશ્યુ કરાવતા આરોપી અત્રેની કોર્ટમાં રૂબરૂ હાજર થતા તેને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૩૦ અન્વયે પોલીસ પેપર્સની નકલ આપવામાં આવેલ છે. ત્યારબાદ આજરોજ આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે, જેમાં આરોપી પોતાનો ગુનો કબુલ કરે છે. વધુમાં આરોપીએ સ્વેચ્છાપૂર્વક ગુના કબુલાત પુરસીસ આપેલ છે. જેમાં તેઓ પોતાનો પ્રથમ ગુનો હોવાનું જણાવી તથા ભવિષ્યમાં આવો કોઈ ગુનો કરશે નહીં તેવી ખાતરી આપી વધુમાં પોતે ઘરમાં ભરણપોષણ કરનાર એકમાત્ર વ્યકિત હોવાનું અને તેઓની આર્થિક પરિસ્થિતી ખુબ જ નબળી હોવાનું તથા સામાજીક સ્થિતી ધ્યાનમાં રાખી તેઓ ઉપર રહેમરાહ રાખી સજામાંથી માફી આપી હળવી રકમનો દંડ કરવા મૌખિક રજુઆત કરેલ છે.

(૩) વર્તમાન સમયમાં કોર્ટમાં પેન્ડીંગ કેસોની સાથે નવા કેસો દાખલ થતાનું પ્રમાણ જોતા ટૂંક સમયમાં કેસની ટ્રાયલ પુરી કરવી સભંવી શકે નહીં અને કોર્ટ તેમજ સરકાર અને પક્ષકારોનો સમય બચે, જે સમય અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં ઉપયોગ કરી શકાય તેમ હોય, ઉપરાંત આરોપી પોતાના ગુનાની કબુલાત કરતા હોય રેકર્ડ પરની તમામ હકીકતો અને તમામ પરિસ્થિતિ ધ્યાને લઈ આરોપીને સમજણ કરી તેમના વિરુધ્ધના આક્ષેપો સમજાવી જવાબ લેતા આરોપીએ સ્વેચ્છાપૂર્વક કબુલાત પુરસીસ આપેલી છે. આરોપી ગુનાનો સ્વીકાર કરતા હોય તેમને તકસીરવાન ઠરાવ્યા સિવાય આ અદાલત પાસે બીજો કોઈ વિકલ્પ નથી. નામદાર ગુજરાત હાઈકોર્ટના **સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરચંદજી ઠાકોર, ૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯** માં પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતોને નજર સમક્ષ રાખતા કાયદામાં ઠરાવેલ લઘુત્તમ સજા કરતા પણ ઓછી સજા ખાસ સંજોગોમાં અદાલત કરી શકે છે તેમ ઠરાવેલ છે.

(૪) આમ નામદાર ગુજરાત હાઈકોર્ટનું ઉપરોકત જજમેન્ટ વંચાણે લેતા તેમજ હાલના કેસના સંજોગો ધ્યાને લેતા તથા આરોપીની રજુઆત તેમજ આર્થિક, સામાજીક, કૌટુંબીક પરિસ્થિતી નજર સમક્ષ રાખતા આરોપીને હળવી રકમનો દંડ કરવામાં આવે તો આરોપી સમાજમાં ફરી વખત માનભેર જીવન શરૂ કરી પરિવાર, સમાજ તથા દેશને ઉપયોગી થઈ શકે તેમ છે અને આમ કરવાથી ન્યાયનો હેતુ સરે તેમ છે. ઉપરોકત તમામ ચર્ચા સાથેની સમીક્ષા ધ્યાને લેતા ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૫ અન્વયે એમ.વી.એકટની કલમ–૧૮૫ તથા પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુનામાં મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા

રૂા.૧૧૦૦/– (અંકે રૂપિયા અગિયારસો પુરા) નો દંડ કરવામાં આવે છે. આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૧૭ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજ તારીખ–૧૧'મી માહે–જુલાઈ સને–૨૦૨૬ ના રોજ નેશનલ લોકઅદાલતની સ્પેશ્યલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૧/૦૭/૨૦૨૬
સ્થળ : ભાવનગર.

**(દિપિકા કિશનચંદ્ર મઘનાની)**
એડીશ્નલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, ભાવનગર.
જીજે૦૧૪૪૭

પહોંચ નં. .......... થી રૂા.૧૧૦૦/–
અંકે રૂપિયા અગિયારસો પુરા જમા લીધા.

તા.૧૧/૦૭/૨૬ સુપ્રિટેન્ડેન્ટ
એડી.સિવિલ કોર્ટ, ભાવનગર.